
R.N.I.No. : 11555/1966 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

JYOTI PUNJ

Vol No. 58 Issue No. 10 JANUARY - 2015



## ગૌમાતા

સંસ્કૃત સાહિત્ય અને વૈદિક શાસ્ત્રોમાં ઋષિમુનિઓએ ગાયનો મહિમા ગાયો છે. ગાય રુદ્રોની માતા છે. વસુઓની પુત્રી છે. અદિતીપુત્રોની બહેન છે અને ઘીરૂપી અમૃતનો ખજાનો - ભંડાર છે. સમુદ્રમંથન વેળાએ જે રત્નો નીકળ્યાં તેમાંનું એક 'રત્ન' ગાય પણ છે. ગાયનાં દર્શન, સ્પર્શથી અનેક રોગ દૂર થાય છે. ગાયનાં દિવ્ય તરંગોથી આંતરિક અશુધ્ધિઓ દૂર થાય છે. ગાય પરમ દયામયી, વાત્સલ્યમયી તથા દેવો તેમ જ માનવો માટે પરમ પૂજનીય છે. ભગવાને કૃષ્ણાવતાર ધારણ કરી ગૌસેવાનો અવસર પ્રાપ્ત કર્યો છે. જ્યારે શ્રીકૃષ્ણજન્મ થયો ત્યારે નંદબાવાએ સવા લાખ ગાયોનું દાન એના કુલગુરૂને કરેલું. શ્રી કૃષ્ણનું બીજું નામ એટલે ગોપાલ. ગો-ગાયનું પાલન કરનાર એ જ્યાં રહેતા એ ગામનું નામ ગોકુળ. ગો-ગાય-કુળનો સમૂહ. ગાયોના સમૂહને રહેવાનું સ્થાન. ગૌસેવા, ગૌદાન એ આપણા સૌનું પરમ કર્તવ્ય.

2nd Cover Page

# MANORAMABEN HASMUKHLAL DHARIA BPL T20 TROPHY 2014-15 WINNER'S D.C.C.AVENGERS





# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૮ | ૧૦ | ૨૧-૦૧-૨૦૧૫ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**



નિખિલ પરીખ (તંત્રી)

બંકિમ પરીખ / જતીન ન. દેસાઈ

જીગર કડકીઆ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

ફોન : ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


## તંત્રી મંડળ તરફથી

# હેપ્પી ન્યુ યર

**– બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

કાઉન્ટ ડાઉન શરૂ 10, 9, 8... 3,2,1, રેડી, સ્ટેડી એન્ડ ગો...

આનંદ, ઉત્સાહ, ઉમંગ સાથે શુભેચ્છાના સંદેશા સાથે ૫૦-૫૦ ગુબ્બારા આકાશની ઉંચાઈ ચૂમવા ઉડાણ ભરવા લાગ્યા. દર વર્ષની જેમ આ વર્ષે પણ નવા વર્ષને વધાવવા સૌ એકત્રિત થયા હતા. આખી દુનિયામાં પોતાના સંદેશા વહેતા કરવા ડ્રોઈંગ પેપર, કાર્ડપેપર, થર્મોકોલ પર સુંદરચિત્રો, સુવાક્ય તેમજ શબ્દો દ્વારા પોતાના હૃદયપૂર્વકના વિચારોને વાચા આપી હતી. પ્રેમ, શાંતિ, ભાઈચારો, એકતા, દેશપ્રેમ, વિશ્વપ્રેમ જેવા અનેક સંદેશાઓને ગૅસ ભરેલા ગુબ્બારા સાથે બાંધવામાં આવ્યા અને નવા વર્ષના પ્રથમ પ્રભાતે કાઉન્ટ ડાઉન પૂરું થતાં જ મેઘધનુષી ગુબ્બારાઓએ ઉંચી ઉડાણ ભરી આખી દુનિયામાં સુંદર સંદેશાઓ વહેતા કર્યા.

**'વેલકમ 2015' 'હેપ્પી ન્યુ યર'.**

આનંદની ચિચિયારીઓથી આકાશ ગુંજી ઉઠયું. સૌ એકમેકને હાથમિલાવી, ભેટી નવા વર્ષની શુભેચ્છાઓ અને ભેટસોગાદો આપવા લાગ્યા.

નવું વર્ષ આપસર્વના જીવનમાં નવું જોમ, નવો આત્મવિશ્વાસ, નવી આશા, નવો ઉમંગ, નવી તકથી છલકાઈ જાય તેવી હાર્દિક શુભકામના.

જ્યારે નવા વર્ષ તરફ ડગ માંડવાના હોય ત્યારે એક દૃષ્ટિ ૨૦૧૪ના વીતેલા વર્ષ તરફ કરવી રહી. સફળતા, નિષ્ફળતાનાં માપદંડ કાઢવાનો શ્રેષ્ઠ સમય આ જ છે. વીતેલાં વર્ષમાં આપણા કારોબાર, કામકાજમાં

ક્યાં ક્યાં અવરોધો નડયા, રુકાવટ આપી, તકલીફો પડી દરેક બાબત ૨૦૧૫ના વર્ષમાં કેટલી સારી રીતે ઉકેલી શકાય, પાછી ભૂલો ન થાય તેની માટે કેવા પગલાં ભરવા, આપણા કામ પૂરા કરવા કઈ કઈ વ્યક્તિઓનો સહકાર, સહારો લેવો અને તકલિફો, વિઘ્નો થી કેમ બચવું તેનો માર્ગ નક્કી કરવો. આપણા લીધે કુટુંબીજનોમાં, મિત્રોમાં કંઈક સંબંધોમાં ખટાશ ઉભી થઈ હોય તો તેના નિવારણ માટે આપણે કોની કોની ક્ષમા માગવી (રૂબરૂ અથવા ઈશ્વર સમક્ષ), કઈ રીતે પહેલ કરવી અને સંબંધો સુધારવા તે તરફ લક્ષ્ય કેન્દ્રિત કરવું. બેદરકારીને લીધે શરીર બગડયું હોય, બિમાર પડયું હોય, શારીરિક તકલીફો વધી ગઈ હોય તો નવા વર્ષની શરૂઆતમાંજ જાગ્રત બની શરીર તંદુરસ્તીના કાર્યોમાં મચી પડવું. બીજાની સેવા, બીજાને મદદ માટે આપણાં જે ધ્યેય ૨૦૧૪ના વર્ષમાં રાખ્યા હોય તેને કાયમ કરી તેમાં બીજું શું વધારી શકાય, હજુ કઈ રીતે કુટુંબ, મિત્રો, સમાજ, દેશમાં આપણી મદદનો હિસ્સો વધે તે માટે પ્રેમપૂર્વકના પ્રયત્નો આરંભી દેવા. આ સર્વ બાબત જ ૨૦૧૫ ના વર્ષમાં પ્રગતિના પંથે લઈ જશે અને આપણી સર્વ મનોકામના પરિપૂર્ણ થશે.

એક પ્રગતિકારક કુટુંબ સમાજમાં પ્રગતિ લાવે છે, અને સમાજ પ્રગતિના પંથે હોય તો દેશ વધુ પ્રગતિ કરશે. આપણા દેશની પ્રગતિમાં દેશની સંસ્કૃતિમાં માતાઓનો અનન્ય ફાળો છે. શક્તિ સ્વરૂપ કહેવાતી માતા જ બાળકને એક સમજદાર, જવાબદાર, પ્રગતિકારક, લાયક નાગરિક બનાવી શકે છે. ગૌમાતા સર્વત્ર પૂજનીય છે. હિદું સંસ્કૃતિમાં ગાયને માતા કરી છે. ગૌમાતાની દયા, કરુણા એટલે દૂધ, ઘી, માખણના આપણાં ભર્યાપૂર્યા ભંડાર. ભારતીય સંસ્કૃતિનો વિકાસ જ નદી કિનારે થયો છે. નદીઓને પણ આપણી માતા કહી છે. ગંગાસ્નાન, યમુનાપાન પરંતુ નર્મદાના દર્શન માત્રથી પાપધોવાઈ જાય છે તેવી લોકવાયકા છે. અત્યારના યુગનું તીર્થસ્થળ એટલે લાખો લોકોના જીવનમાં બદલાવ લાવનાર, પ્રગતિકારક બનનાર તેવો સરદાર સરોવર ડેમ. સૌનું લોકભોગ્ય, કલ્યાણકારક, તીર્થસ્થળ સરદાર સરોવર ડેમ નર્મદામૈયાના પ્રતાપે જ અસ્તિત્વમાં આવ્યો. જેણે અનેકના જીવનમાં સુખ અને શાંતિનો અવસર આપ્યો તે નર્મદામૈયાનું આપણે નિકટ દર્શન કરીશું. નવા વર્ષનો પ્રથમ પ્રવાસ માતા સાથે માતાના સાનિધ્યમાં....

નર્મદા મૈયા... શ્રી વેગડની દૃષ્ટિએ નિહાળીએ તો... નર્મદા સૌંદર્યની નદી છે. એ વનો, પહાડો અને ખીણોમાં થઈને વહે છે. એ ચાલે છે રસળતી, રખડતી, હસતી, રમતી, વનોમાં લપાતી, પથ્થરોને કંડારતી, પગલે પગલે સૌંદર્યની સૃષ્ટિ કરતી, ડગલે ડગલે શોભા વેરતી! શ્રી વેગડ કહે છે ‘પાણી, પથ્થર, પ્રપાત, શોર અને વળાંક આ પાંચ તત્વથી નર્મદાનો પિંડ રચાયો છે. પરંતુ એ પિંડને તીર્થોત્તમ બનાવનાર આપણા ઋષિઓ, આચાર્યો અને સંતો છે. રેવાના શોરમાં ઋષિઓને સ્વર સંભળાય છે. નિરંતર રેવાએ પ્રજાને પુષ્ટ કરી, ઋષિઓએ તેને દેશની મૈયા બનાવી. મીઠા જળનો શ્રેષ્ઠ અને સુદીર્ઘ સ્ત્રોત છે નદી. શ્રેષ્ઠ છે ગંગા પણ જ્યેષ્ઠ છે નર્મદા. જ્યારે ગંગા નહોતી, નર્મદા ત્યારે પણ હતી. એના કાંઠે આપણો આત્મા પલ્લવિત, પુષ્પિત થાય છે. સંસ્કૃતિનો જન્મ થાય છે. સંસારની બધી સંસ્કૃતિઓનો જન્મ નદીઓની કુખેથી થયો છે.

અજબ છે આ પાણી. આનો પોતાનો કોઈ રંગ નથી, પણ ઈન્દ્રધનુષના સાતે રંગોને ધારણ કરી શકે છે. એનો કોઈ આકાર નથી, પણ અસંખ્ય આકાર લઈ શકે છે. એને વાચા નથી, પણ વાચાળ થાય છે ત્યારે એનો ભયંકર વજનિનાદ દૂર દૂર સુધી ગુંજી ઊઠે છે. ગતિહીન છે, પણ ગતિમાન બને છે ત્યારે તીવ્ર વેગ ધારણ કરે છે અને ઉન્મત્ત શક્તિ અને અપાર ઊર્જાનો સ્ત્રોત બને છે. એના શાંત રૂપને જોઈને આપણે ધ્યાનાવસ્થિત થઈએ છીએ તો ઉગ્ર રૂપને જોઈને ભયાક્રાંત. જીવનદાયિની

વર્ષાના રૂપમાં વરદાન બનીને આવે છે તો વિનાશકારી પૂર બનીને જળતાંડવ પણ રચે છે. અજબ છે આ પાણી!

આપણા મંદિરોની જેમ આપણી નદીઓ પણ પૂર્વાભિમૂખ છે. મોટી નદીઓમાં એક નર્મદાજ પશ્ચિમવાહિની છે. અમરકંટક થી નીકળીને કર્કરેખાની હારોહાર પશ્ચિમ તરફ વહે છે. જેમ જેમ આગળ વધે છે તેમ તેમ જાણે પાણીના ભારથી નીચેની બાજુએ ઢળે છે. તેમ છતાં એ સીધી પશ્ચિમ ભણી વહે છે. આમાં એક અપવાદ છે. ડિંડોરી અને જબલપુરની વચ્ચે એ દક્ષિણ તરફ લગભગ ૧૫૦ કિ.મીનો વળાંક લે છે. આ વિશાળ વળાંકની મધ્યમાં છે મંડલા, મંડલા જાણે નર્મદાના કાન-કુંડળમાં વસ્યુ છે. લિંગાઘાટમાં પશ્ચિમ વાહિની નર્મદા પૂર્વવાહિની થઈ છે એટલે એની ધારાને અહીં સૂરજમુખી ધારા કહે છે. નર્મદામાં આવા સ્થળો બહું ઓછા છે.

રેવા કેવું વ્હાલસોયું નામ છે! બોલવામાં સહેલું, સાંભળવામાં મીઠું પણ ન ચાલ્યું. નર્મદા નામજ વધુ પ્રચલિત થયું.

રામઘાટના પ્રપાતો સહસ્ત્રધારા જેવા લાગે. ફરક એટલો છે કે સહસ્ત્રધારાના પ્રપાતોનું ઝૂંડ દૂર દૂર સુધી વેરાવેલા છે. જ્યારે અહીંના પ્રપાતોનું ઝૂંડ એક જ ઠેકાણે એકઠું થયું છે. એક અર્ધચંદ્રાકાર વિશાળ સપાટ ચટ્ટાન ઉપરથી અસંખ્ય જળધારાઓ પડે છે. મોર જેમ પાંખ ફેલાવીને કળા કરે. એમ નર્મદા અહીં પોતાની જળધારાઓનાં પીછા ફેલાવીને નાચી ઊઠી છે. અમરકંટકનો નર્મદાકુંડ આ એ સ્થળ છે જેમાં નદી પહાડની કૂખેથી નીકળીને પહાડના ખોળામાં આવે છે પહાડના ગર્ભમાં લપાયેલું પાણી અહીં પ્રકટ થાય છે. નવજાત શિશુની જેમ નદી અહીં ધવલ, ઉજજવલ અને કોમળ હોય છે. અમરકંટકનું નામ મેકલ પણ છે. એટલે નર્મદાનું નામ મેકલસૂતા પણ છે. નર્મદાના કૂડીબંધ પ્રપાતો માંથી સૌથી નાનેરો ધોધ છે ફક્ત એક મીટર ઊંચો. પાણીએ નદીના પથરાળ પટ ને કંડારીને ખોખરો કરી દીધો છે. જાણે કે નદીમાં કોઠીઓ, બનેલી હોય. એટલે જ એનું નામ છે કોઠીઘુઘરા. ઘુઘર અથવા ઘુઘરા એટલે ધોધ. દેવનાલાની ગુફા અદ્‌ભૂત છે. અહીનું ઝરણું સુંદર ધોધ રચે છે. આ ધોધની પાછળ આ વિશાળ ગુફા છે. ઉપર ઝરણું, ઝરણાની નીચે ગુફા અને ગુફાના દ્વાર પર ધોધ. અદ્‌ભુત, ગુફા પણ એટલી વિશાળ કે હજારો માણસો સમાઈ જાય.

જેના હૃદયમાં સર્વનો સમાવેશ થઈ જાય છે તેવી માતાઓ જ ભારતીય સંસ્કૃતિની ધરોહર છે. ધન્ય છે આ માતાઓ, ધન્ય છે આપણી સંસ્કૃતિ. જેના ખોળે આપણે પાંગરીએ છીએ, પલ્લવિત થઈએ છીએ એવી માતાઓના આશિર્વાદ સાથે આપણે નવા વર્ષનાં સપના સાકાર કરીએ.

✤✤✤✤

# "ગાંઠ"

- શૈલેષ કી દેસાઈ

**દોરામાં પડેલી ગાંઠ, સોયને આગળ વધવા નદે,**
**શરીરમાં પડેલી ગાંઠ, ઓપરેશનને નોંતરે છે.**
**સંબંધમાં પડેલી ગાંઠ, મૈત્રી અને પ્રિતીનો નાશ કરે છે.**
**કપડામાં પડેલી ગાંઠ બેચેની અને અજંપો લાવે છે.**
**કોઈએ કહેલું કહેણ, કોઈએ કરેલું અપમાન,**
**કોઈએ પહોંચાડેલ નુકશાન**
**કોઈએ કરેલી ચોરી કે છેતરપીંડી-કપટ ને**
**વધારે મનમાં રાખતા ગાંઠ સર્જાય છે.** જે આપણા જીવનમાં હતાશા, નિરાશા, સંતાપ, ડંખ, Prejudice, પૂર્વ ગ્રહ ને Poison ઉત્પન કરે છે.

સાગર જોઈયે છીએ તેની પાસે નદી આવે કે ગટરના પાણી, તે સૌને સ્વીકારે છે. વૃક્ષની છાયા, સજજન કે દુર્જન સૌને સરખો જ છાંયો પીરસે છે, સૂર્ય પક્ષપાત વગર સર્વેને સરખોજ પ્રકાશ આપે છે. આ બધી વાત એક જ વાત કહે છે કે માણસે સુખી રહેવા કાયમના વેર-ઝેર, ભેદ-ભાવ, પક્ષપાતથી દૂર રહેવું. માણસને જીવનમાં કોઈને સાથે ક્યારેક મતભેદ કે મનભેદ થતોજ રહે છે. જ્યાંથી ગાંઠ ઉત્પન્ન થાય છે જે અહંકારથી વધારે સ્વરૂપ લે છે. આજકાલ છુટા છેડા બહુ જ સામાન્ય થતા જાય છે. શરૂઆતમાં મનને ગમતું નથી, થોડી બેચેની લાગે છે, આંખમાં કાંકરી પડયા પછી જેમ ખૂંચે છે. તેમ મનને ડંખ્યા કરે છે પણ પછી મન ક્ષમા કરવા તૈયાર થતું નથી. બીજ રૂપે થયેલ મન દુઃખ ધીમે ધીમે વધુ ઘૂટાવાથી ઝેર ઉત્પન્ન કરે છે પછી બદલાની ભાવના, સામે પક્ષને નીચો પાડવા, દલીલો વધારતા જાય છે.

ક્ષમા માંગવી, ક્ષમા રાખવી, ક્ષમા આપવી આ ત્રણેય કાર્યો ઘણા દુષ્કર છે. જીવનમાં સરળતા લાવવી, હાલશે-ફાવશે-ચાલશેના સિધ્ધાંતો અપનાવીશું તો જીવનમાં સૌરભ ચોમેર પ્રગટશે. ઘણી દુર્લભ બાબતો છુટા છેડામાં પરિણમે છે, ભાગીદારો છુટા પડવા નિર્ણય લે છે બસ ફક્ત અહમ. અવગુણી, ના સમજ જીદ્દી જીવો ક્યારેક બહુ વાદ વિવાદ નારાજગી, તિરસ્કાર, નફરત તરફ જલદી વળી જાય છે. આ સાલો આવો છે. હું તેને બતાવી દઈશ. મને આમ કેમ કર્યું ? તેના પ્રસંગે હું તેને બતાવીશ વગેરે વિચારોમાનાં વમળ થી દાંત ભીંસાય છે. આંખમાં લાલાશ, નાક ફુલી જાય છે આ વિચારોનું ભ્રમણ માત્ર ગાંઠ પેદા કરે છે મને તેની જરૂર નથી

આટલા મોટા વિશ્વમાં પૃથ્વી કેટલી ? તેમાં ભારત કેટલું ? તેમાં મહારાષ્ટ્રને તેમાં મુંબઈના બે બેડરૂમ વાળા ફલેટમાં આપણી ઔકાત કેટલી? સમુદ્રમાં એક ડોલ પાણની વિશાદ કેટલી? રણમાં મુઠ્ઠી રેતીની વિશાદ કેટલી ? આટલા નાના જીવની વિશાદ શું છે ? શું આપણે કોઈને પાડવાના ? આપણા વગર શું અટકી જાય છે ? દુનિયામાં કંઈક લોગો આવ્યા ને ગયા શું ફરક પડયો ? આમ વિચારથી અહંકાર મીણની જેમ પીગળી જશે. વિચારોમાં પરિવર્તનની જરૂર છે. પરિવર્તન સમજણથી આવે છે. સમજણ સત્સંગ થી કે સારુ વાંચનથી આવે છે. મહાપુરુષોએ ઘણુ સહન કર્યું છે ત્યારે જ તે મહાન આત્મા ઘડાય છે. ભગવંતોની વાણી સાંભળી તેનું મનન ને ચિંતન કરવાથી ગાંઠ છુટી જાય છે.

**ચલોભુલી ઘૂંટડાને જો નીકળશું બહાર**
**તો આનંદ સમુદ્રથી પણ વધી જશે.**
**ચલો ભુલી વેર-ઝેર ને જો આજ**
**કણ કણ ક્ષણ ક્ષણ આનંદથી ઉભરાઈ જશે.**

ગાંઠ બંધાયા પછી આપણે દુઃખને શ્વાસમાં તેડી ને ફરીયે છીયે જેથી સુખ ગુંગળાઈ જાય છે. જીંદગીમાં કેટલાયે શું ખરાબ કર્યું તેનું લીસ્ટ આપણને હાથવેગુ છે પણ છેલ્લા કલાકોમાં આપણે આનંદિત થયા તેનું ગજુ માપવાનું ભૂલી જઈએ છીએ. ક્ષણને ક્ષીણ કરવાનો હક્ક આપણને કોઈએ આપ્યો નથી. બરફમાં પણ આગ રહેલી છે ને અમુક અવસ્થાએ આગમાં પણ ઠંડક

અનુભવાય છે નક્કી મન કરે છે. જેને જીરવવાનો છે એ સંબંધોને સમય સિવાય કશુ સદતુ નથી. જીંદગી નાના નાના સુખોની બનેલી છે. પણ વચમાં ગાંઠ બંધાયતો ક્ષણ આગળ જતાં રોકાય જાય છે. ચાહની ચુસ્કીમાં તો તાજગી મેળવવાનું સુખ છે સુખનો ભાગાકાર નથી થઈ શકતો પણ આપણે દુઃખનો ગુણાકાર કરી (વારંવાર દુર્ઘટનાને યાદ કરી) સુખ ની બાદબાકી કરીએ છીએ. સુખને આ વાતની ખબર હશે તો દુઃખ કશી અસર નહી કરે. દુઃખ બારણેથી વિદાય લેશે. આનંદમાં રહેવા આનંદ આપવો અગત્ય છે. માનસિક શાંતિ એ આપણા મનનો કુદરતી સ્વભાવ છે. કુદરતે આપેલી સંતુલિત અવસ્થા છે. અને મનને આ કુદરતી અવસ્થામાં ટકાવી રાખવું હોય તો સંતુલિત રહેવું અનિર્વાય છે. મનની આ કુદરતી અવસ્થા વિચારોને લાગણીને કારણે ડગે છે. બાહ્ય કારણો આપણા કુદરતી સંતુલતા પર અસર કરે છે. આમ માનસિક અસમતુલતા થવી સ્વાભાવિક છે. પણ કારણ વ્યક્તિ સંવેદનશીલ હોય છે પરંતુ કેટલી ઝડપથી આપણે માનસિક સંતુલન પાછુ મેળવીયે છીએ તેનો આધાર વૈચારીક પરિપકવતા પર નિર્ભર છે. કોઈ વ્યક્તિ તરફ ક્યારેય લાગણી સરખી રહેતી નથી. કદાચીત કડવાશ ઉત્પન થાય તો ક્ષમા માંગવાની પહેલ આપણે કરીશું તો ગાંઠ બંધાશે જ નહી. ક્ષમા વાણીના દશ લક્ષણોમાં કોમળતા, સરળતા, નિખાલસતા, સત્યતા, સંયમ, તપ, ત્યાગ, સહજતાને આકીચત્ય તથા નિર્લોભતા હશે તો જ ક્ષમાવાણી સંભવશે.

ગાંઠ બંધાયા પછી મનને બોજ લાગે છે જેનો ઉપાય ચિત્તનું શોધન કરવું તે છે. ચિત્તમાં સ્વદોષ દેખાયહકીકતમાં આપણાને આપણા દોષો દેખાતા નથી.

સ્વદોષ દર્શન એ અધ્યાત્મનું પહેલું પગથીયું છે જે દુઃખ પરિસ્થિતિનું નિર્માણ થયુ તેમાં આપણો પણ ફાળો હશે એ ખ્યાલ આવતા આપણે કુણા પડીએ છીએ. એમ સામાને પણ માફ કરીશું તો હળવા થઈ જશું ધિક્કારની લાગણી ને દફનાવી નિર્મલ અંતઃકરણથી મિછ્છામી દુકડમ દેવા માટેનો છે. આમા દિલથી ક્ષમાપના કરવા માટે મનમાંથી માનને -અભિમાનને મુસાફરીએ મોકલવા જોઈએ. જ્યાં સુધી માનની અપેક્ષાને અહંકાર હશે ત્યાં સુધી ગાંઠ છુટ્ટી નહી થાય. મિચ્છા એટલે મિથ્યા, મિ એટલે મારું, દુક્કડમ એટલે દુષ્કૃત્ય, મારુ દુષ્કૃત્ય મિથ્યાથાઓ. એવો આદર્શ રાખશું તો વારંવાર સંભળાતા છુટાછેડાના ધ્વનિ ઓછા થઈ જશે. હૃદય સરળ હોય તો માફી માંગી શકાય છે. અને હૃદય ઉદાર હોય તો માફી આપી શકાય છે. ક્ષમા માંગવા હાથ લંબાવીએ ક્ષમા આપવા મન મોટું કરીએ !!

મૈત્રી તણી સદ્ભાવના હું હૃદયમાં ધારણ કરું, વાત્સલ્ય કેરો કુંભ અમૃતનો સદા મનમાં ધરું, હું વેરની વિષલેવડી જળમૂળથી દૂર કરું. અમૃતભરી ક્ષમાપના સાચા હૃદયથી કરું. શ્રી ભક્તિચંદ્ર વિજયજી.

ઠંડે પહોરે જો આગળ નહી વધોતો<br>
તડકા વખતે હેરાન થશો. રવિન્દ્રનાથ ટાગોર<br>
પશ્ચાતાપ માનવીને પાવન બનાવે ..<br>
ક્ષમા માનવીને મહાન બનાવે ....<br>
પહેલી ક્ષમા પોતાની જ માંગીશું...<br>
ગાંઠ વિનાશ કરે છે, ક્ષમા તારક છે,<br>
ગાંઠમાં વાંધા છે, જ્યારે અવૈરમાં સાંધા છે.<br>
ગાંઠમાં વિષતમા છે, ક્ષમામાં સમતા છે.<br>
ગાંઠમાં વકિલાત છે ક્ષમામાં કબૂલાત છે.<br>
ગાંઠથી વિકૃતિ, ક્ષમા સંસ્કૃતિ છે.<br>
ગાંઠથી દ્વેષ ઉત્પન થાય, ક્ષમાથી મૈત્રી ઉત્પન થાય,<br>
ગાંઠ ક્રોધને દબાવે છે. ક્રોધ વૈરવૃત્તિ પ્રગટાવે છે.

ક્ષમાના અમૃતથી આત્માનો અભિષેક કરી વિગ્રહ, વિગ્રહ, વિધ્વેષ, દ્રોહ આદિ આઘાત ઓગળી જાય છે. વૈરના વિષને ઉતારવાનો અમર મંત્ર છે ‘ક્ષમા આપવી’.

✤ ✤ ✤

## ગિરિકંદરાઓની માળા મધ્યે

**- ઈન્દુ રોહિત દેસાઈ**

ગિરિકંદરાઓની માળા મધ્યે<br>
દ્રશ્ય અદ્રશ્ય અસ્ત ભાનુ ઢળતો<br>
ખળખળ વહેતા નિર્મળ ઝરણાનો<br>
મીઠી મધુર રણકાર સંભળાતો<br>
આ વસંતની હરિયાળી ધરતી પર<br>
કંઈ દૂર થતો મંદિરનો ઘંટારવ<br>
નાદ ના એ માધુર્ય સ્પર્શતણો<br>
સદા નિરંતર નિહાળ્યો પ્રણવમાં<br>
પ્રભુ ! તારી કેવી અદ્ભૂત લીલામાં<br>
અખિલ બ્રહ્માડમાં હસતો ભાસ્યો.

# તન, મન ને આત્મા

- નિખિલ પરીખ

લગભગ ૩૦ વર્ષ પહેલાની વાત છે. મારા મિત્રના માસીએ વલસાડમાં ૩૦ દિવસના ઉપવાસ કરેલાં ૨૫ દિવસ પુરાં થયાં એટલે એમના માસખમણની ઉજવણીની તૈયારીઓ શરૂ થઈ ગયેલી ૨૬માં દિવસે એમની તબિયત લથડી એકાદ દિવસ વધુ એમણે ખેંચી કાઢયો. પછી તો હોસ્પીટલમાં દાખલ થવાની વેળા આવી પણ એમના કુટુંબીજનોએ એમ ન કરતાં એમની તપસ્યા પુરી કરવા માટે કહો કે જબરજસ્તી કરી. ૩૦માં દિવસ પહેલાં જ એમણે દેહ છોડયો ૩૦માં દિવસે એમના મહાનિવાર્ણની મોટી ઉજવણી કરવામાં આવી એનો ઉત્સવ ઉજવાયો. એમના ત્રણ નાના નાના છોકરાઓ અનાથ થઈ ગયા પરંતુ તેઓ ગામમાં તપસ્યાથી દેહ ત્યાગ કરનાર સાધ્વી તરીકે પુજાયા. જૈન ધર્મમાં દેહને કષ્ટ આપવાની પ્રથા છે. મુસલમાનો તાજીયા વખતે દેહને જુદી જુદી રીતે કષ્ટ આપે છે. આપણા હિંદુ ધર્મમાં દેહને કષ્ટ આપવાની પ્રથા નથી પરંતુ દરેક હિંદુનો અંતિમ ધ્યેય મોક્ષ પામવાનો હોય છે. મોક્ષ એટલે ફરી પાછો આ દેહ ન મળે અને આત્મા પરમાત્મામાં લીન થઈ જાય એવી દરેક હિંદુ ધર્મી ઈચ્છા રાખતો હોય છે. દેહ તો નશ્વર છે એક દિવસ નાશ પામશે, એનો મોહ નહી રાખવાનો વગેરે વગેરે અનેક વાતો સંભળાય છે ત્યારે વિચાર આવે છે કે શું દેહ ખરેખર નકામી વસ્તુ છે ? દેહ વગર શું ઈશ્વરના અંશ રૂપી આત્માનું અસ્તિત્વ આ પૃથ્વી ઉપર શક્ય છે ? દેહ એતો ભગવાનના અંશ ને રહેવાનું મંદિર છે. દેહની આંખો છે. એટલે તો પ્રકૃત્તિના સૌંદર્યનું દર્શન કરી શકાય છે. દેહના કાનથી તો ઝરણાનો ખળખળ અવાજ અને પંખીઓનો કલરવ સાંભળી શકાય છે. ફુલોની સુગંધ નાક દ્વારા જ સમજાય છે. ઠંડા પાણીની શીતળતા કે સુરજના કિરણોની ઉષ્મા સ્પર્શ દ્વારા જ સમજાય છે. દેહ ઉપર ધોધનું ઠંડુપાણી પડે એની તાજગી આત્મા દ્વારા અનુભવાય છે. નાચવાથી થતો આનંદ આત્મા પુલકિત થવાથી અનુભવાય છે. દેહ ફુલ છે તો આત્મા એ ફુલનાં રંગો છે, એની સુગંધ છે દેહ વાંસળી છેતો આત્મા એમાથી નીકળેલા સુર છે. દેહ શબ્દ છે તો આત્મા એ શબ્દોનો અર્થ છે. તો દેહ અને આત્માને જુદા કેવી રીતે કરી શકાય ? આત્મા આખા બ્રહ્માંડની નાનકડી છબી છે અને બ્રહ્માંડમાં જે પણ છે એ બધુ જ નાનકડા અંશ રૂપે આપણા આત્મામાં સમાયેલું છે. દેહ આત્માનું પ્રગટ રૂપ છે આત્મા દેહનું આ પ્રગટ કે છુપાયેલું રૂપ છે. છુપાયેલું સત્ય છે. તો પછી આપણે આ બન્નેને અલગ અલગ કેમ માનીએ છીએ ? એનું કારણ મન છે. બાળક જ્યારે જન્મ લે છે ત્યારે એનામાં બેજ વસ્તુ હાજર હોય છે એક દેહ અથવા શરીર અને બીજું પરમાત્માના અંશ રૂપી આત્મા. નાના બાળકને જોઈને જે પરમઆનંદ મળે છે એ નિર્દોષ આનંદ ક્યાંય નથી મળતો. એનું નિદોર્ષ હાસ્ય. ઉંઘમાં પણ એના મરકતાં હોઠ અને એના ન સમજાય તોય મીઠા લાગે એવા અવાજો આપણને ઈશ્વરની પ્રતિતી કરાવે છે. કદાચ એટલે જે કૃષ્ણ ભગવાન બાળ સ્વરૂપે વધુ પુજાતાં હશે. ખેર, ધીરે ધીરે એનામાં મન વિકસે છે. મન એને હિંદુ કે મુસલમાન બનાવે છે. કાળા ગોરાનો ગરીબ તવંગરનો, સ્ત્રી પુરુષનો ભારતીય કે અમેરીકનનો મંદ સમજાવે છે. દુનિયાના સઘળા અનિષ્ટોની સમજણ પામે છે. માબાપના સંસ્કારો, ભણતર, ગણતર દ્વારા એ મન વધુ

વિકાસ પામે છે. આ મન દ્વારા જ આ દેહમાં અભિમાન, દ્વેષ, ક્રોધ વગેરે વિકારો જન્મે છે. આ મન જેમ જેમ વિકસે છે તેમ તેમ આત્મા શરીરથી દુર થતો જાય છે. આગળ કહેલાં આત્મા દ્વારા શરીરમાં અનુભવાતાં સ્પંદનો અને શરીર દ્વારા આત્માને પુલકિત કરતાં અનુભવો ઓછાં થતો જાય છે. કુદરતી આનંદ ધીરે ધીરે લુપ્ત થતો જાય છે. હા ક્યારેક કોઈ ભજનીક મન મુકીને ભજનમાં લીન થઈ જાય છે ત્યારે ફરીથી થોડીક ક્ષણ માટે આત્માને શરીરનું મિલન થાય છે ક્યારેક ચિત્રકાર ચિત્રમાં ખોવાઈ જાય કે નૃત્યકાર નૃત્યમાં ખોવાઈ જાય કે આપણો સામાન્ય માનવી જ્યારે પ્રકૃતિના અફાટ સૌંદર્યમાં ઓગળી જઈએ ત્યારે આત્મા પ્રસન્ન થયાની અનુભુતિ થાય છે. બાકી મનતો કેટલીયે ભૌતિક વાતોથી દરરોજ ખુશી કે દુઃખ અનુભવે છે. ક્યાંક મળેલું સન્માન, પ્રતિષ્ઠા, પૈસા, પૈસા દ્વારા ખરીદાતું સુખ મનના સુખનું કારણ અને નિષ્ફળતાં, દ્વેષ, અપમાન મનના દુઃખનું કારણ બનતું હોય છે. આ મનનું સુખ મેળવાની દોટમાં આત્માનું સુખ ક્યાંય ખોવાઈ જાય છે. શરીર અને આત્મા વચ્ચે મનનો વિસ્તાર વધતો જાય છે. અને બન્ને જુદાંજ હોવાની અનુભુતિ બળવત્તર બને છે.

હવે મનના સુખ દુઃખ દ્વારા અનુભવાતી જુદી જુદી અવસ્થા માટે આપણે દેહને દોષી માનતાં થઈએ છીએ. કાન કોઈની કુથલી સાંભળે છે એટલે આપણે દુઃખી અને આપણી પ્રસંશા સાંભળે છે એટલે આપણને સુખ મળે છે એવું લાગવા લાગે છે વાસના, ક્રોધ વગેરેનું કારણ શરીર છે. એવું લાગવા માંડે છે. આ પેટ જ વેર અને વેઠ કરાવે છે. એવી પ્રતિતિ થાય છે. મનમાં ઉઠતાં વિવિધ વિકારો માટે આપણે શરીરની વિવિધ ઈન્દ્રીયોને દોષ દેવા લાગીએ છીએ. અને એ ઈન્દ્રીયોને કાબુમાં લેવા વિવિધ અત્યાચારો શરીર ઉપર ગુજારવાનું શરૂ કરીએ છીએ. આમ મનનો દોષ શરીર ઉપર ઢોળીએ છીએ. અને નિર્વાણ દ્વારા, મહા નિર્વાણ દ્વારા, હઠ યોગ દ્વારા ઉપવાસ દ્વારા, મોક્ષ મેળવાની ઈચ્છા દ્વારા આ શરીરમાંથી છુટવાની ઈચ્છાઓ નિર્માણ કરીએ છીએ એને ધાર્મિકતાનો અંચળો ઓઢાડીએ છીએ અને નિર્વાણની ઉજવણી કરીએ છીએ.

આપણાં દેહ રૂપી મંદિરમાં ભગવાનરૂપી આત્માની અવગણના કરીએ છીએ. દેહ નહી રહે તો ભગવાન ક્યાં રહેશે. મારવું હોય તો મનને મારવાનું છે. બાળપણથીએમાં લખાયેલી વાતો ધીરે ધીરે ભુંસવાની છે. ભગવાન જે પરિસ્થિતિમાં રાખે એનો સ્વીકાર કરવાનો છે. માંગણ બનીને નથી જીવવાનું મોક્ષ પણ નથી માંગવાનો કારણકે માંગણી એ તમારી વાસના અથવા ઈચ્છાઓ છે અને જ્યાં સુધી વાસનાઓ અને

ઈચ્છાઓ જીવે છે ત્યાં સુધી તો મોક્ષ શક્ય બનવાનોજ નથી એને પુરી કરવા માટે પણ આ દેહને જન્મ લેવોજ પડશે. આપણે દરેક પરિસ્થિતિમાં કોઈ પણ જાતના સુખ કે દુઃખના અહેસાસ વગર, કોઈ પણ પ્રકારની આનાકાની વગર ભગવાન ઉપર સંપુર્ણ શ્રદ્ધા રાખીને એ જે આપે એનો સ્વીકાર કરવાનો છે. એજ સાચો સન્યાસ છે. બાકી આટલું સુંદર માનવરૂપી જીવન ભગવાને આપ્યું છે એનો તો રોજે રોજ ઉત્સવ કરવાનો છે. અને આ જીવનમાં ભગવાને બનાવેલા બીજા જીવોને મદદરૂપ બનવાનું છે. આપણને જન્મ શા માટે આપ્યો છે. કયા સારા કાર્ય માટે મને આ મનુષ્ય દેહ મળ્યો છે જે એ શોધીને એ કાર્યમાં તન, (શરીર) અને મન હોમી દેવાનો છે એજ કદાચ આત્માની તૃપ્તીનું અને ભગવાનની ભક્તિનું કારણ બની જાય.

✤✤✤

# પેશાવર કાંડ

**મિનેષ શાહ (બોરીવલી)**

હર શખ્સ આજ તમ-તમાયા હે,
જબસે યે પેશાવરવાલા ધીનોના કાંડ આયા હે
એક સન્નાટાસા દીલોમેં છાયા હે,
ખુન જવાલા બનકર ઊભર આયા હૈ
જો સોતા થા માંકી ગોદમેં ઉસકા આંચલ ઓઢે ,
દરીંનદોને ઉન્હે કફન ઓર તાળુદમેં લેટાયા હે
જહાં શીખ રહે થે જીવનકા ફલસફા,
વહીંપર ઉનકા મૌતકા ફરમાન આયા હે.
લે ગયાથા કીતાબેં અપને બક્સે મે ભરકે,
વહી બકસા ઉસકે ચલે જાનેકા ફરમાન લાયા હે
ખુદા તેરી યે ખુદાઈ હમે ઝરાભી નહી ભાયી હે,
ટીફીનમેં રખી માંકી રોટી છોડ,
માસુમોને સીનેપે ગોલીયા ખાયી હે,
એૈસીભી કયા ધર્મકી આરાજકતા,
કરે-કરવાયે કોઈ ઓર, ઓર સઝા કોઈ ઓર પાતા,
હોતે હે બચ્ચે ભગવાનકા રૂપ,
આજ ભગવાનકો હી મારાદીયા,
ફીરભી બેઠા ક્યું તું ચુપ
બીખરે પડે થે કહીં બુટ, કીતાબેં ઓર મોજે
નન્હે માસુમકી સુરત ઝખ્મસે થી સુજી
ખાના મુશ્કીલ હોતા હે જીનકે લીયે
બુખારમેં દવાઈવાલી ગોલી,
ખાઈ ઉન્હોંને ઉન દહેશતગર્દો કે હાથો મોત કી ગોલી,
થંડ સે બચને ગરમ શાલ ઓઢે થે,
જબ ચલે દુનીયાસે તો સફેદ કફન ઓઢે થે,
નહી કાંપે જીનકે હાથ બચ્ચોકીં સુનકર ચીતકાર હે
એસે ઈન્સાનોકા જીવન હી ધિક્કાર હૈ,
રો રહા હે હર એક ઈન્સાન જીસકે દીલોમેં પ્યાર હૈ,
હેવાનીયત કા નંગાનાચ ઓર ઈન્સાનીયત તબદીલ હો ચુકા વહી ખામોશીકા મંઝર થા, જહા નન્હી કલીંયો પે કાલા દાગ હૈ કી કીલકારી સે ભરા હુણા એક બાગ થા

# SHREE BALASINOR NAVYUVAK SANGH
# PRESENTS
# SHRI NATVERLAL CHUNILAL MODY(JANSATHI)
# TROPHY 2014-15

The Second match was played between D.C.C.TUSKERS team led by Captain VISHAL JARIWALA & MANISH CHALLENGER team led by Captain NIRAV DESAI. D.C.C.TUSKERS won the toss & decided to bat first.

**MATCH RESULT :** D.C.C.TUSKERS 160 all out. (Rikit Mody 45, Samir Desai 30, Nirav Desai 3/41)

MANISH CHALLENGERS 75 all out.(Samir Desai 5/14, Sanil Desai 5/21).

**D.C.C.TUSKERS team won the match by 85 runs & a bonus point also.**

**MAN OF THE MATCH : SAMIR DESAI.**

The Third match was played between KACHARIA GLADIATORS team led by Captain RIPAL PARIKH & R.C.CERAMICS team led by Captain APURV DHARIA.

KACHARIA GLADIATORS won the toss & decided to bat first.

**MATCH RESULT : KACHARIA GLADIATORS** 237/9. (Ashwin Karkera 103, Daxit Gandhi 22, Purav Parikh 22, Dharav Parikh 5/40)

R.C.CERAMICS 216 all out.(Dharav Parikh 95, Chirag Parikh 29, Ronak Dharia21, Rohan Dharia 4/41, Purav Parikh 3/29) .

**KACHARIA GLADIATORS team won the match by 21 runs.**

**MAN OF THE MATCH : DHARAV PARIKH**

## સભ્યના અવસાનબાદ જ્યોતિપુંજ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના આજીવન સભ્યને જ્યોતિપુંજ ફ્રી મોકલવામાં આવે છે. સભ્યના અવસાન બાદ જો એ વ્યક્તિના કુટુંબમાં અન્ય વ્યક્તિ આજીવન સભ્ય હોય તો તેઓએ શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં જણાવવાનું રહેશે જેથી મૃત્યુ પામેલ સભ્યનું બંધ થયેલ જ્યોતિપુંજ ફરીથી નવા નામે મોકલવાનું શરૂ કરી શકાય.

જો આ બાબતની જાણકારી ન મળે તો અવસાન પામેલ સભ્યને જ્યોતિપુંજ મોકલવાનું બંધ કરવામાં આવશે. આશા છે સભ્યના કુટુંબીજનો આ બાબતમાં ઘટતું કરી નવા સભ્યપદ દ્વારા જ્યોતિપુંજ મેળવતા રહેશે અને આ યથાયોગ્ય વ્યવસ્થાની સામે નારાજગી વ્યક્ત નહીં કરે.

**– માનદ્ મંત્રી ભાવેશ મોદી**

# SHREE BALASINOR NAVYUVAK SANGH PRESENTS M.H.DHARIA BPLT20 2014-15

SHREE BALASINOR NAVYUVAK SANGH PRESENTS MANORAMABEN HASMUKHLAL DHARIA BPL T20 TROPHY CRICKET TOURNAMENT SECOND EDITION WAS PLAYED IN THE MONTH OF NOVEMBER & DECEMBER AT CENTRAL RAILWAY STADIUM LOWER PAREL.

THE OPENING CEREMONY WAS HELD ON 22ND NOV SATURDAY AT CENTRAL RAILWAY STADIUM WHICH WAS ATTENDED BY A HUGE CROWD. SECRETARY SHRI BHAVESH MODI WELCOMED THE GUESTS & PRESIDENT SHRI KALPESH DHARIA THANKED ALL THE SPONSORS FOR THEIR KIND CO-OPERATION.

CHOCOLATE BOUQUET AS TOKEN OF THANKS WAS GIVEN TO ALL THE FOUR OWNERS, TROPHY SPONSOR.

RELATIVELY ALL OTHER SPONSORS WERE ALSO PRESENTED WITH A TOKEN OF THANKS.

ALL THE FOUR TEAM OWNERS WERE PRESENTED WITH A BAT SIGNED BY THEIR TEAM PLAYERS AS A GUESTURE OF THANKS FOR SELECTING THEM IN THE TEAM. ALL THE FOUR TEAM CAPTAINS TOOK A PLEDGE OF PLAYING THE TOURNAMENT IN THE RIGHT SPIRIT. THEREAFTER KANDEELS WERE SENT IN THE AIR TO DECLARE THE TOURNAMENT OPEN.

FOUR TEAMS NAMELY KACHARIA KINGS, R.C.CHALLENGERS, D.C.C.AVENGERS & APEX WONDER BOYS PLAYEDS SIX MATCHES ( two against each team).

FROM THEM, D.C.C.AVENGERS WITH 10 POINTS & R.C.CHALLENGERS WITH 9 POINTS MADE IT TO THE FINALS WHICH WAS PLAYED ON SUNDAY 14$^{TH}$ DECEMBER AT CENTRAL RAILWAY STADIUM.

D.C.C.AVENGERS LED BY CAPTAIN KINJAL PARIKH WON THE FINALS BY 6 WKTS WITH DHARAV PARIKH BAGGING THE MAN OF THE MATCH AWARD.

**CONGRATULATIONS TO D.C.C.AVENGERS.**

**Brief scorer:**

- **R.C.CHALLENGERS :** 150 for 9 (MITEN PARIKH 31, APURV DHARIA 29,KINJAL PARIKH 3/25, SANIL DESAL 2/23, SAMIR DESAI 2/21).
- **D.C.C.AVENGERS :** 151 for 4 IN 18.4 OVERS(BHAVIK DHARIA 39, CHIRAG DESAI 43 NOT OUT, DHARAV PARIKH 38, APURV DHARIA 2/27)

NOTEABLE PERFORMANCES IN THE TOURNAMENT WERE AS FOLLOWS :

**BEST BATSMAN OF THE SERIES : KINJAL PARIKH 180 RUNS.**

**BEST BOWLER OF THE SERIES : APURV DHARIA 16 WKTS.**

**MAN OF THE SERIES : DHARAV PARIKH RUNS & WKTS.**

**BPL TOP XV PLAYERS WERE AS FOLLOWS** :

RIKIT MODY, NIREN DHARIA, CHIRAG DESAI(25), KINJAL PARIKH, VISHAL JARIWALA, DHARAV PARIKH, CHIRAG DESAI(CD), SANIL DESAI, JIGAR PARIKH, APURV DHARIA, VISMAY CHOKSI, SAMIR DESAI, ASHWIN KARKERA, DAXIT GANDHI, ROHAN DHARIA.

THE MEDAL & CASH ENVELOPE TO THE RUNNER UP TEAM PLAYERS WERE PRESENTED BY SHRI JIGAR KADAKIA & SHRI ALPESH DHARIA RESPECTIVELY.

RUNNER'S UP PRIZE MONEY OF RS 25000 TO R.C.CHALLENGERS TEAM OWNER SHRI BHAVIN MEHTA WAS PRESENTED BY VICE PRESIDENT SHRI SAUMIL MODY.

SHRI SHREYANS PARIKH PRESENTED THE RUNNERS CUP REPLICA TO TEAM R.C.CHALLENGERS CAPTAIN SHRI APURV DHARIA.

THE MEDAL, CASH ENVELOPE & TROPHIES TO THE WINNING TEAM PLAYERS WERE PRESENTED BY SECRETARY SHRI BHAVESH MODI, JOINT SECRETARY SHRI NILESH SHAH & SHRI JASMINE SETH RESPECTIVELY.

WINNING PRIZE MONEY OF RS 75000 TO D.C.C.AVENGERS TEAM OWNER'S SHRI TUSHAR DHARIA, SHRI SUKETU PARIKH, SHRI SAMIR DESAI & SHRI ALKESH KADAKIA WAS PRESENTED BY PRESIDENT SHRI KALPESH DHARIA.

SHRI ALPESH DHARIA PRESENTED THE WINNING CUP REPLICA TO D.C.C.AVENGERS CAPTAIN SHRI KINJAL PARIKH.

THE MANORAMABEN HASMUKHLAL DHARIA BPL T20 TROPHY WINNING TROPHY WAS PRESENTED TO THE FOUR JOINT OWNERS OF THE WINNING TEAM D.C.C.AVENGERS BY SHRI ALPESH DHARIA.

THUS WE ENDED THE TOURNAMENT WITH GREAT FANFARE.

WE HEREBY WOULD LIKE TO SPECIALLY THANK :

FOUR TEAM OWNERS AS BELOW :

**(A) D.C.C AVENGERS : SHRI SUKETU PARIKH, SHRI TUSHAR DHARIA, SHRI SAMIR DESAI & SHRI ALKESH KADAKIA.**

(B) **R.C.CHALLENGERS : SHRI BHAVIN RAJKUMAR MEHTA & SHRI PRATIK RAJKUMAR MEHTA(Padalwala).**

**(C) APEX WONER BOYS : SHRI PARIMAL SHAH & SHRI TEJAS SHAH.**

(D) **KACHARIA KINGS : SHRI NITIN KACHERIA(Thasrawala).**

OUR TROPHY DONOR : SHRI MANORAMABEN HASMUKHLAL DHARIA haste SHRI ALPESH DHARIA,

OUR CRICKET KIT SPONSOR : SHRI BHARTIBEN INDRAVADEN SHAH haste SHRI TEJAS SHAH,

ALL TROPHIES SPONSORS : SHRI BIPIN GANDHI, SHRI YOGESH DHARIA, SHRI NIMISH KADAKIA & QUICK INDUSTRIES SUPPLIES PVT. LTD.

BPL TOP XV SPONSOR : VERSALTE HIGHTECH LIGHTINGS PVT LTD.

BEST CATCH & MAX. SIXES SPONSOR : SHRI KAMLESH MODY.

DRINKS TROLLEY SPONSOR : IMPEX ENGINEERING & EQUIPMENTS CO.

A SPECIAL THANKS TO MY ENTIRE COMMITTEE FOR THE EFFORTS THEY HAD PUT IN MAKING THIS TOURNAMENT A GRAND SUCCESS.

SHRI NIRAV DESAI & SHRI RIPAL PARIKH --- FOR TAKING CARE OF THE MINUTE DETAILS FOR TOURNAMENT RELATED MATTERS.

SHRI SANJEEV DHARIA & SHRI SAMIR DESAI --- FOR GUIDING US WITH THEIR EXPERIENCE OF SO MANY YEARS.

SHRI JIGAR KADAKIA & SHRI ALPESH DHARIA --- FOR PLAYING THEIR ROLE OF MATCHE REFREE WITH EXECELLENCE & ALSO TAKING CARE OF EVERY RESPONSOBILITY REGARDING MATTERS RELATED TO THE SANGH.

SHRI SAMIR DHARIA --- FOR HIS EXTRAORDINARY ABILITY TO TAKE CARE OF THE DAY TO DAY WORK ON THE GROUND IN EACH & EVERY MATCH.

SHRI MANOJ PARIKH --- FOR ACCOUNTING & GROUND RELATED MATTERS.

WE ALSO THANK CHIRAG MODI FOR HELPING US DURING THE COURSE OF THIS TOURNAMENT, EVEN THOUGH HE WAS NOT A PART OF THE COMMITTEE. THIS KIND OF SELFLESS WORK HELPS TO MOTIVATE OTHERS TO COME FORWARD AND WORK FOR BETTERMENT OF CRICKET.

WE ALSO APPRECIATE & THANK THE FOUR OWNER'S OF D.C.C.AVENGERS FOR THEIR GENEROSITY TO DONATE RS 25000.00 FROM THEIR WINNING PRIZE MONEY TOWARDS THE SHORTAGE IN FUNDS IN THIS TOURNAMENT. THIS GUESTURE HAS SHOWN THAT BPL IS A FUN LOVING TOURNAMENT WHEREIN EVERY CRICKET LOVERS CARE FOR THE TOURNAMENT & WANT THIS TOURNAMENT TO MOVE ON FOR YEARS TO COME.

**SECRETARY - BHAVESH MODI** **BPL CONVENOR - CHIRAG PARIKH**

શ્રી બા.ન. સંઘ સંચાલિત
શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત

# મહિલા વિભાગ

સૌ ઈન્ડોર રમતોમાં 'હાઉસી'નું સ્થાન અનન્ય છે. તેની શરૂઆત કદાચ ઘરની અંદર બેસીને રમવાથી થઈ હોવાને કારણે તેને હાઉસી' કહેતા હશે. આજકાલ આ રમત બેહદ લોકપ્રિય થઈ છે. તેની અપ્રિતમ લોકપ્રિયતાને કારણે જ તેમાં દિન પ્રતિદિન હાજરી વધતી જાય છે. આથી આ રમત ઘરની અંદરથી નીકળીને મોટા હોલમાં કે મેદાનમાં રમાતી થઈ છે.

'હાઉસી'નું નામ સાંભળતાં જ રમનારા તેમજ રમાડનારામાં ઉત્સાહનું વાતાવરણ સર્જાય છે. આનંદથી સમય પસાર કરવા માટે એ ઉત્તમ રમત છે. તેની સાથે નસીબ પણ જોડાયેલું હોવાથી તેમાં પ્રતિક્ષાનું તત્વ પણ ભળે છે.

હાઉસીની પાંચ ગેમ રમાડવામાં આવી હતી. દરેક ગેમની અલગ ટીકીટ આપવામાં આવી હતી, દરેક ગેમમાં ત્રણ ફુલ હાઉશી રાખવામાં આવી હતી. દરેક ગેમમાં અલગ અલગ ત્રણ ત્રણ Variation રાખવામાં આવ્યા હતા. છેલ્લી ગેમમાં ઘણા બધાએ પાંચ રૂપિયા આપી સીંગલ ટીકીટો લીધી હતી. તેના છેલ્લે લકી ડ્રો કરી ૧૬ Prize આપ્યા. દરેકને રૂા. ૫૦ આપ્યા હતા. દરેક આવનારને Gift માં સુંદર Folding થેલી આપી અને નાસ્તામાં સમોસા ચાટ, પનીર ઠોકળા અને લસ્સી રાખવામાં આવ્યા હતા.

બેનોએ ખૂબ જ શિસ્તથી લાઈનમાં આવી નાસ્તાની ડીશ લીધી હતી. કમિટિની બહેનો તથા મિનોતી શાહ, હીના ધારિયા, અશ્વિના દેસાઈ અને કનક મોદીએ ખૂબ સાથ આપી નાસ્તાનું કાઉન્ટર સંભાળી લીધું હતું.

અંતે સર્વે બહેનો ખુશ ખુશાલ થઈ ગઈ અને સર્વે બહેનો અત્રે પધારી કાર્યક્રમને સફળ બનાવવા બદલ આપ સહુનો મહિલા વિભાગ હૃદયપૂર્વક આભાર માને છે.

**- સોહીણી કડકિયા - ૯૮૨૦૩૫૬૩૫૯**

## જ્યોતીપુંજ અંગે અગત્યની સુચના

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ **જ્યોતિપુંજ**નું પોસ્ટીંગ દરેક મહિનાની તારીખ ૨૦ અથવા ૨૧ એ કરે છે. જે વ્યક્તિને સમયસર જ્યોતિપુંજ ન મળતુ હોય તે પોતાના સ્થાનિક પોસ્ટ ઓફિસમાં સંપર્ક કરે. સંસ્થા દર મહિનાની ૨૧ મી તારીખે વેબસાઈટ **www.balasinor.org** પર જ્યોતિપુંજ અપલોડ કરે છે તેની નોંધ લેશો. **મંત્રી : ભાવેશ મોદી**

## ગીરીપુજા કોકિલાબેન પ્રવિણચંદ્ર પૂનમચંદ
## બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા) - આર્થિક રાહત યોજના
## શ્રીમતી કલાબેન ચીમનલાલ કડકીઆ (બનડા) પુરસ્કૃત - અન્ન સહાય યોજના
## શ્રીમતી તારાબેન રતીલાલ પરીખ - જીવન નિર્વાહ યોજના

ઉપરોક્ત યોજના હેઠળ સહાય લેતા અથવા સહાય લેવાની ઈચ્છા ધરાવતા કુટુંબોને વિનંતિ છે કે તા. ૧-૪-૨૦૧૫ થી તા. ૩૧-૩-૨૦૧૬ સુધી ઉપરોક્ત સહાય માટેના અરજી પત્રકો તા. ૨૨-૧-૨૦૧૫ થી ૧૦-૩-૨૦૧૫ સુધીમાં નીચે જણાવેલ સ્થળોએથી મેળવી સમયમર્યાદામાં સંપૂર્ણ વિગતો ભરી મોકલાવી આપવા.

આપશ્રીની જાણ ખાતર જણાવવાનું કે આ વર્ષથી શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ અને શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ તરફથી અપાતી સહાય હવેથી સંયુક્ત રીતે આપવામાં આવશે, જેના અરજીપત્રકો નવા આપવામાં આવશે. આ અગાઉના અરજીપત્રકો માન્ય કરવામાં નહી આવે.

**અરજીપત્રકો મેળવવા-ભરવાના સ્થળોઃ**

૧) શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

૨) શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ કાર્યાલય

૩) શ્રી કડકીઆ એન્ટરપ્રાઈઝ : ૬૮/૭૦ નાગદેવી સ્ટ્રીટ, ૧લે માળે, મુંબઈ- ૩

**- રજની લટકારી સંયોજક**

શ્રી ગોકુલેશો જયતિ **૨૦મું વર્ષ**

# કાંદિવલીમાં વસતા સૌ બાલાસિનોરવાસીઓ

## ફગવા ઉત્સવ

સર્વદા સેવ્ય ચતુર્થપીઠ શ્રી ગોકુલનાથજીની અસીમ કૃપાથી કાંદિવલીમાં વસતા બાલાસિનોરવાસીઓ તરફથી **શ્રી ફગવા ઉત્સવ**નું આયોજન કરવામાં આવેલ છે. આ ફગવા ઉત્સવ સં. ૨૦૭૧ના મહા વદ-૧૧ને **રવિવાર, તા. ૧૫-૨-૧૫**ના રોજ **કેવલ બાગ**, કાંદિવલી ફ્લાયઓવરની નીચે, કાંદીવલી (વે), મુંબઈ-૬૭. ના મુકામે યોજવામાં આવેલ છે. શ્રી ઠાકોરજીના ખેલના દર્શન પછી **બાલાસિનોરના સર્વે વૈષ્ણવોને ઉપરોક્ત મુકામે સહકુટુંબ, દર્શનનો લાભ લેવા અને પ્રસાદ (પ્રસાદની વ્યવસ્થા ખેલના દર્શન પછી છે) લેવા પધારવા અમારૂં ભાવભર્યું આમંત્રણ છે.**

❖ ઉત્સવના મનોરથી ❖



**મણીબેન મુળજીભાઈ દેસાઈનો પરિવાર**
**હસ્તે રશ્મીકાબેન (સુબા) નીરંજનભાઈ દેસાઈ**
**મીતુલ સંદીપ દેસાઈ  કાલીન્દી જીજ્ઞેશકુમાર કડકીઆ**



❖ શોભાયાત્રા ❖

મનોરથીના નિવાસસ્થાન ૩સી-૦૦૪, પારસ નગર, જૈન દેરાસરની બાજુમાં, શંકર ગલી, કાંદિવલી (પ), મુંબઈ-૬૭. ફોન : ૨૮૬૧ ૦૬૨૨, મો : ૦૯૮૩૩૨ ૧૪૯૩૧, સવારે ૧૨.૩૦ કલાકે સમાજ બેસશે. તેમજ શોભાયાત્રા તેમના નિવાસ સ્થાનેથી બપોરના ૨.૩૦ કલાકે નીકળશે.

**લી. રસીકભાઈ, પ્રવિણભાઈ, નીરંજનભાઈ, સંદીપભાઈ ત્થા જીજ્ઞેશકુમાર દેસાઈ પરિવારના જે જે શ્રી ગોકુલેશ**

❖ ખેલના દર્શન ❖

**સાંજે ૪.૦૦ કલાકે કેવલ બાગ ખાતે શ્રી ઠાકોરજીના ખેલના દર્શન થશે. શ્રી ઠાકોરજીના ધોળ-કીર્તન તેમજ રસિયા ગવાશે. તો દરેક વૈષ્ણવોને ઉપરના દરેક પ્રસંગે ઉપસ્થિત રહીને અલભ્ય આનંદ (લાભ) લેવા વિનંતી છે.**

**લી. કાંદિવલીમાં વસતા બાલાસિનોરવાસીઓના જે જે શ્રીગોકુલેશ**

# જાહેર નોટીસ

વર્ષ ૧૯૪૯માં આપણા સૌના વડીલોએ ગેરતપુર સ્ટેશન નજીક (હાલમાં પૂર્વ અમદાવાદ) હાથીજણ વિસ્તારમાં રહેઠાણના હેતુ માટે જમીન ખરીદેલ અને તે ધી દશાનીમા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. (રજીસ્ટર નંબર બી-૫૭૨) તરીકે અસ્તીત્વમાં આવેલ. મળેલ માહીતી અનુસાર ઉપરોક્ત કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટીમાં ૯૫ સભ્યો નોંધાયેલ હતા. ઉપરોક્ત સોસાયટીનો વહીવટ આપણી જ્ઞાતિના વડીલ શ્રી મણીલાલ છોટાલાલ ધારીઆ સંભાળતા હતા. અને તેઓને માનદ્‌મંત્રી તરીકે ૧૯૪૯ની સાલમાં નિયુક્ત કરેલ હતા. ઉપરોક્ત સોસાયટીની જમીન ગણોતધારાના કાયદાને લીધે કોર્ટ કેસમાં હતી. ગણોતધારો રહેઠાણની સોસાયટીને લાગુ ન થાય તેવો ચુકાદો સોસાયટીની તરફેણમાં સરકારશ્રી તરફથી ૨૦૧૨માં આવી ગયેલ છે. શ્રી મણીલાલ ધારીઆ જે સને ૧૯૪૯ થી ૧૯૫૧ સુધી ઉપરોક્ત સોસાયટીના મંત્રી તરીકે ફરજ બજાવતા હતા. તેમના અવસાન બાદ તેમના જેષ્ઠ પુત્ર શ્રી ચંદ્રકાંત મણીલાલ ધારીઆએ ઉપરોક્ત જમીન સોસાયટીની જાણ વગર તથા સોસાયટીની જનરલ બોર્ડની મિટીંગ બોલાવ્યા વગર ડિસેમ્બર ૨૦૧૩માં કોઈની સંમતિ વગર વેચાણ કરેલ છે. આ માટે બોર્ટ ઓફ નોમીનીઝની અમદાવાદ કોર્ટમાં કોર્ટ કેસ નં. ૨૫૫/૧૪ તથા ૩૨૭/૧૪ દાખલ કરેલ છે. અને મનાઈ હુકમ મેળવેલા છે. આથી સર્વે સભ્યોને (વારસોને) આ સાથે જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત સોસાયટીમાં તમારા હક્ક હિત સંબંધે જેવા કે શેર સર્ટીફીકેટ, પત્રવ્યવહાર અથવા અન્ય સાહિત્ય હોય તો તે સાથે નીચેના જ્ઞાતિબંધુઓને મોકલાવી આપવા વિનંતી છે.

(૧) શ્રી પ્રવિણભાઈ દેસાઈ (દેડકી) મો. ૯૮૨૦૪૦૪૦૮૪

(૨) શ્રી પંકજભાઈ ધારીઆ (લાલખા) મો. ૯૮૨૧૦૨૮૭૬૨

(૩) શ્રી નીમીષભાઈ કડકીયા (મલમ) મો. ૯૮૧૯૪૩૭૩૨૧

તે દશાનીમા કો.ઓ.હા.સો.લી.ના સભ્યો / અગ્રગણ્ય જ્ઞાતિબંધુઓ

## શ્રી મદન મોહનજી મંદિર, બાલાસિનોર

દ્વિતીય શતાબ્દી મહોત્સવ પ્રસંગે દિવાળીમાં બુકલેટ પ્રગટ કરવામાં આવી હતી, તેમાં તા. ૧૨-૧૦-૨૦૧૪ સુધી મળેલા દાનોની રકમના નામો સાથે પ્રગટ કરવામાં આવી હતી. ત્યારબાદ મળેલી દાનની રકમ દાતાઓના નામની સાથે આ સાથે આપવામાં આવી છે. સહકાર બદલ સૌ દાતા-વૈષ્ણવોનો આભાર. ક્ષતિ રહી ગઈ હોય તો ક્ષમા યાચના.

**❖ રૂા. ૫૧,૦૦૦ ની યાદી**

❖ ચંચળબેન સાકરલાલ શાહ
હસ્તે : શાંતાબેન કિરતનલાલ કડકીઆ (લટકારી)

**❖ રૂા. ૩૫,૦૦૦ની યાદી**

❖ તારાબેન રતીલાલ પરીખ

**❖રૂા. ૨૫,૦૦૦ની યાદી**

❖ જયન્તિલાલ પુરૂષોત્તમદાસ દેસાઈ (પડાલવાલા)

❖ મંજુબેન બાબુલાલ મોદી (મેઘલીઆવાલા)

❖ નવીનચંદ્ર ચીમનલાલ શાહ (કોલકત્તાવાલા)

**❖ રૂા. ૨૧,૦૦૦ ની યાદી**

❖ કોકિલાબેન પ્રવિણચંદ્ર કડકીઆ (સિકન્દ્રાબાદ)

❖ રમેશચંદ્ર ઓચ્છવલાલ કડકીઆ

**❖ રૂા. ૧૫,૦૦૦ ની યાદી**

❖ તારાબેન રમણલાલ મોદી (ચૌધરી)
હસ્તેઃ કાશ્મીરા દિપક મોદી

**❖ રૂા. ૧૧,૦૦૦ ની યાદી**

❖ જયેશભાઈ કાન્તિલાલ દોશી

❖ મનુભાઈ ચીમનભાઈ શાહ

❖ ડૉ. નગીનદાસ અચરતલાલ શાહ

❖ કલાબેન મહેન્દ્રકુમાર ધારીઆ (મુછારી)

❖ નયના રાજેન્દ્ર ધારીઆ (હસ્તે મનોજ ધારીઆ)

❖ શશીકાન્ત ચીમનલાલ ધારીઆ (દલાલ)

**❖ રૂા. ૫,૦૦૦ ની યાદી**

❖ વિનોદભાઈ કાન્તિલાલ ભાવસાર

❖ દિલીપભાઈ શેઠ

❖ રમેશભાઈ શેઠ

❖ અશ્વિન બાબુલાલ શાહ

❖ ગોપાલ ભીખાલાલ પરીખ (અધોળી)

❖ જગદીશ રમણીકલાલ ધારીઆ

❖ નટવરલાલ ઓચ્છવલાલ કડકીઆ (લટકારી)

❖ રાજેન્દ્ર કિરતનલાલ દેસાઈ

❖ નિકુંજ વલ્લભદાસ કડકીઆ (સિતારામ)

**❖ રૂા. ૧૫૦૦ (ચુંદડી મનોરથ)ની યાદી**

❖ વૃંદાવન જ્વેલર્સ

❖ રીટા મીનીષ કડકીઆ (લટકારી)

❖ ગીતા જગદીશ ધારીઆ (બલબલ)

❖ કોકિલા ગજેન્દ્ર મોદી

❖ ચેતના ગીરીશ કાપડીઆ

❖ રેણુકા વિનોદ પરીખ (બખલી)

❖ જયવંતી નિરંજન ગાંધી

❖ ડૉ. નગીનદાસ અચરતલાલ શાહ

❖ અરૂણા સુરેશ પરીખ (રોકડીઆ)

❖ કુંજુ હેમેન્દ્ર શાહ (ચકવા)

❖ મંજુલાબેન નવનીતલાલ શાહ (ખડગોધરાવાલા)

❖ કોકિલાબેન મણીકાંત કડકીઆ

❖ ઈન્દુબેન નવનીતલાલ પરીખ (સરકાર)

❖ રાગીની પ્રકાશ પરીખ

❖ કુસુમબેન નટવરલાલ મહેતા (પડાલવાલા)

❖ પધ્યુમન ઓચ્છવલાલ ત્રિવેદી

- નયના અશ્વિન શાહ
- અમીષા અજીત પરીખ
- જશવંત વિ. કંસારા
- છાયા અતુલ પરીખ
- સુશિલા ગોપાલ પરીખ (અધોળી)
- પુષ્પાબેન જગમોહન પરીખ (ચાગરમ)
- કોકિલા બાબુલાલ પરીખ
- એક વૈષ્ણવ
- જગદીશ રમણીકલાલ ધારીઆ
- પૂર્ણિમા શશીકાંત ધારીઆ (દલાલ)
- કાશ્મીરા દિપક મોદી (ચૌધરી)
- ભારતી કિરીટ ધારીઆ (શહેરાવાલા)
- દિપેશ રતીલાલ દેસાઈ (દેડકી)
- બેલા અજીત શાહ
- અલ્પા મુકેશ દેસાઈ (દેડકી)
- સતીષ મણીલાલ મોદી
- જાગૃતિ જીતુભાઈ શાહ (ચકવા)
- નિપૂર્ણા હિતેશ દોશી
- શિલ્પા પ્રજ્ઞેશ દેસાઈ
- મીના લોમેશ શાહ
- મંજુલા બાબુલાલ પરીખ
- રંજનબેન કિરીટ મહેતા
- નીતા કેતન મોદી
- ટીના નિરવ મોદી

**✤ રૂા. ૧,૦૦૦ (નાવ મનોરથ)ની યાદી**

- વૃંદાવન જ્વેલર્સ
- નરેન્દ્ર વી. અગ્રવાલ
- નીતા નીતીન કચેરીઆ
- ગીરીશ કોદરલાલ કાપડીઆ
- વિનોદ નવનીતલાલ પરીખ (બખલી)
- જગદીશ કાન્તિલાલ ધારીઆ (બલબલ)
- એક વૈષ્ણવ
- ડૉ. નગીનદાસ અચરતલાલ શાહ
- મણીકાંત છોટાલાલ કડકીઆ (વાડસોલ કર્મવીર)
- નીતા કેતન મોદી
- દિપક રમણલાલ મોદી (ચૌધરી)
- નીરવ દિપક મોદી (ચૌધરી)
- કિરીટ રમણલાલ ધારીઆ (શહેરાવાલા)
- મુકેશ કિરતનલાલ દેસાઈ (દેડકી)
- રાજીવ નિરંજન શાહ (ચટાઈ) સી.એ.
- જીતેન્દ્ર મોહનલાલ શાહ (ચકવા)

✤ ✤ ✤

## વાડાસિનોર પ્રગતિ સમાજ કો.કે.સો.લી.

### KYC ફોર્મ અને ગીફ્ટ વાઉચર અંગે અગત્યની સુચના

KYC ફોર્મ જમા કરાવેલા દરેક મેમ્બરોને ગીફ્ટ વાઉચર તા. ૧-૧-૨૦૧૫ થી સોસાયટીના કાર્યાલયમાંથી ૪ થી ૬ના સમય દરમ્યાન તા. ૨૮-૨-૨૦૧૫ સુધીજ આપવામાં આવશે. વાઉચરની સમય મર્યાદા તા. ૩૧-૩-૨૦૧૫ સુધીની છે. ત્યાર બાદ ગીફ્ટ વાઉચર પર કોઈપણ સંજોગોમાં બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળમાંથી કોઈપણ વસ્તુ મળશે નહી તેની સર્વે મેમ્બરોએ નોંધ લેવા વિનંતી છે. **લી. કારોબારી કમિટિના સભ્યોવતી**

## શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ, મુંબઈ

ઉપરોક્ત સમાજ આયોજીત શ્રી ફગવાનો ઉત્સવ તા. ૧૪-૨-૨૦૧૫ને શનિવારે મુંબઈમાં ઉજવવામાં આવશે. ઉત્સવના મનોરથી શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા) છે.

તા. ૧૩-૨-૨૦૧૫ને શુક્રવારે સાંજે ૫.૩૦ કલાકે મનોરથીના નિવાસસ્થાને બોરીવલીમાં બેસસે.

તા. ૧૪-૨-૨૦૧૫ને શનિવારે સત્સંગ મંડળની રૂમ, અમૃતવાડી, વી.પી.રોડ, મુંબઈથી સાંજે ૬ કલાકેથી શ્રી ઠાકરોજીની શોભાયાત્રા નીકળી લાડની વાડીમાં જશે. વાડીમાં મનોરથીનું સન્માન કરવામાં આવશે.

તેજ દિવસે સાંજે ૭.૩૦ કલાકે લાડની વાડીમાં બાલાસિનોરના મુંબઈમાં તેમજ પરામાં રહેતા સમસ્ત દશાનિમા વૈષ્ણવો તથા આમંત્રિતોને સહકુટુંબ, સહપરિવાર પ્રસાદ લેવા આવવા નમ્ર વિનંતી છે.

**શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજવતી- મંજુલ ધારીઆ**

# બાલાસિનોર કે.એમ.જી જનરલ હોસ્પિટલ

બાલાસિનોર કે.એમ.જી નજરલ હોસ્પિટલમાં શ્રીમતી કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) પરિવાર સુપર સ્પેશીયાલીટી સેન્ટરની ખાતમુહૂર્ત વિધી તા. ૨૬-૨-૧૫ને ગુરૂવારના રોજ કે.એમ.જી.જનરલ હોસ્પિટલના પટાંગણમાં હોસ્પિટલના પ્રમુખશ્રી વસંત શાંતિલાલ પરીખ તથા શ્રીમતી કોકીલાબેન વસંત પરીખના શુભ હસ્તે સવારે ૭.૩૦ થી ૯.૦૦ દરમ્યાન કરવામાં આવશે.

આ દિવસે દાતાશ્રીઓનો સન્માન સમારંભ સવારે ૯.૩૦ કલાકે યોજવામાં આવશે. આ પ્રસંગે આર્શીવચન આપવા પરમ પૂજ્ય જગતગુરૂ વૈષ્ણવાચાર્ય પંચમપીઠાધીશ્વર ગૌસ્વામીશ્રી વલ્લભાચાર્યજી મહારાજ, કામવન/વિદ્યાનગર પધારશે.

**મુખ્ય મહેમાન : શ્રી જયંતિલાલ ગોકલદાસ ગાંધી, આણંદ.**

**અતિથિ વિશેષ**

૧) માનનીય શ્રી પ્રભાતસિંહજી ચૌહાણ (સંસદ સભ્યશ્રી)
૨) માનનીય શ્રી માનસિંહજી ચૌહાણ, (ધારાસભ્યશ્રી, બાલાસિનોર મત વિસ્તાર)
૩) માનનીય શ્રી રાજેશભાઈ પાઠક (મહીસાગર જીલ્લા ભાજપા મંત્રીશ્રી)

**સન્માનનીય દાતાશ્રીઓ**

૧) કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) પરિવાર
૨) સ્વ. નવીનચંદ્ર મુળજીભાઈ પરીખ (બખલી) હ. શીલાબેન બંકીમ શ્રોફ
૩) એક અનામી દાતા
૪) બિપીન વઝરાની હ. તારો વઝરાની
૫) જયંતિભાઈ લલ્લુભાઈ ધારીઆ (હેડમાસ્તર)
૬) રસિકલાલ પુનમચંદ દોશી હ. સોનલ રાજેશભાઈ ગાંધી
૭) શ્રી રજનીભાઈ ઓચ્છવલાલ શાહ (ઠાસરાવાળા)
૮) એક અનામી દાતા
૯) શ્રી કાર્તિકભાઈ રસિકલાલ કડકીઆ
૧૦) સોનલબેન નિશિથકુમાર ધારીઆ (દલાલ)
૧૧) કુમુદબેન શાંતિલાલ કડકીઆ (હાલોલવાળા)
૧૨) પૂર્ણિમાબેન શશીકાંત ધારીઆ (દલાલ) ચેરીટેબલ ટ્રસ્ટ
૧૩) મહંમદશફી અબ્દુલસત્તાર શેખ (લાલ) પ્રમુખશ્રી બાલાસિનોર વિકાસ ક્રેડીટ કો.ઓ.સોસાયટી બાલાસિનોર
૧૪) શંકરભાઈ કિશોરભાઈ પટેલ હ. માણેકબેન શંકરભાઈ પટેલ અને સવિતાબેન શંકરભાઈ પટેલ (બાલાસિનોર)
૧૫) શ્રી વિનીત રસીકલાલ મોદી (દેવ)

૧૬) રંજનબેન કિરીટભાઈ મહેતા

૧૭) રાજેશભાઈ બ્રીજહરદાસ ગાંધી

૧૮) ઍનેસ્ટ એન્ડ યંગ ફાઉન્ડેશન હ. રાજેશભાઈ કડકીઆ

સન્માનનીય દાતાશ્રીઓનું ગૌરવ વધારવા અને સમારંભની શોભામાં અભિવૃધ્ધિ કરવા આ પ્રસંગે મોટી સંખ્યામાં હાજર રહેવા જાહેર આમંત્રણ છે.

હોસ્પિટલના નવા 'સુપર સ્પેશીયાલીટી સેન્ટર'ના નામકરણ માટે કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા)ના પરિવાર તરફથી રૂપિયા એક કરોડના માતબર દાનની પ્રોત્સાહિત જાહેરાત કરવામાં આવેલ છે. નવનિર્મિત થનાર સુપર સ્પેશીયાલીટી સેન્ટરમાં નામકરણ માટેની નીચે મુજબની સ્કીમો માટે દાતાશ્રીઓ આવકાર્ય છે. દાતાશ્રીઓને આ માનવ સેવાના યજ્ઞમાં સહભાગી થવા વિનંતી.

| | | |
|---|---|---|
| ૧) | ૬(છ) વીંગ દરેક માળે બે વીંગ લેખે એક વીંગ ના નામકરણ માટે રૂા. ૨૫ લાખ પ્રમાણે : | ૧,૫૦,૦૦,૦૦૦/- |
| ૨) | આઈ.સી.યુ.ના નામકરણ માટે | ૫૦,૦૦,૦૦૦/- |
| ૩) | નવા મકાનના મેડીકલ સ્ટોરના નામકરણ માટે | ૨૫,૦૦,૦૦૦/- |
| ૪) | ૨(બે) લીફ્ટ માટે એક લીફ્ટના નામકરણ માટે રૂા. ૨૦ લાખ લેખે : | ૪૦,૦૦,૦૦૦/- |
| ૫) | કેસબારીના નામકરણ માટે | ૧૦,૦૦,૦૦૦/- |
| ૬) | સુપર ડીલક્ષ રૂમના નામકરણ માટે ૭ રૂમ (રૂા. ૧૦ લાખ એક રૂમના) | ૭૦,૦૦,૦૦૦/- |
| ૭) | સેમી ડીલક્ષ રૂમના નામકરણ માટે ૧૫ રૂમ (રૂા. ૫ લાખ એક રૂમના) | ૭૫,૦૦,૦૦૦/- |
| ૮) | બે જનરલ વોર્ડના નામકરણ માટે (રૂા. ૧૦ લાખ એક વોર્ડના) | ૨૦,૦૦,૦૦૦/- |

આ ઉપરાંત રૂા. ૧૧,૦૦૦/- ના યુનીટો તથા દાતાશ્રીઓનું ઈચ્છા મુજબનું દાન સ્વીકારવામાં આવશે. આશા છે કે દરેક બાલાસિનોર વાસીઓ જ્યાં પણ રહેતા હોય તે સુંદર પ્રતિસાદ આપી આ સેવાયજ્ઞ ને સફળ બનાવવા ખુલ્લાદિલે ફાળો આપવા વિનંતી.

**હોસ્પિટલમાં નીચે મુજબના વિવિધ કેમ્પો યોજવામાં આવેલ.**

૧) **શ્રીમતી ભારતીબેન અશોકકુમાર કાંતિલાલ પરીખ (તાતીઆ) શ્વાસના રોગોનો નિદાન કેમ્પઃ** તારીખ ૨૫-૧૨-૧૪ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં ૨૫ દર્દીઓએ લાભ લીધેલ. આપણી આ હોસ્પિટલના ફિજીશીયન ડૉ. વિરલ પટેલે સેવાઓ આપેલ. જરૂરીયાતવાળા દર્દીઓના શ્વાસના તથા ફેફસાના રોગોનું નિદાન (પીએફટી ટેસ્ટ) વિના મૂલ્યે કરવામાં આવેલ. તેમજ જરૂરીયાતવાળા તમામ દર્દીઓને દશ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ.

૨) **શ્રીમતી કોકીલાબેન વસંતભાઈ પરીખ ( કુવાવાળા) માનસિક રોગોનો નિદાન કેમ્પઃ** તા. ૩૦-૧૨-૧૪ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૫૨ દર્દીઓએ લાભ લીધેલ. આ કેમ્પમાં આણંદના ખ્યાતનામ ડૉ. અમિત શાહે સેવાઓ આપેલ અને તમામ દર્દીઓને દસ દિવસની રૂા. ૭૬૪૭/-ની દવાઓ ફ્રી આપવામાં આવેલ.

૩) **સરલાબેન મનહરલાલ કડકીઆ (મલમ) દાંતના રોગોનો નિદાન કેમ્પ :** તા. ૩૦-૧૨-૧૪ના રોજ યોજવામાં આવેલ. તમામ દર્દીઓને તપાસીને જરૂરીયાતવાળા તમામ દર્દીઓને ૧૦ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં આપણી આ હોસ્પિટલના ડૉ. ધવલ રાણીપાએ સેવાઓ આપેલ.

૪) **લાયન્સ કલબ ઓફ ધોબી તળાવ, મુંબઈ ચામડીના રોગોનો નિદાન કેમ્પઃ** તા. ૩૧-૧૨-૧૪ના રોજ યોજવામાં ઓલ આ કેમ્પમાં કુલ ૯૬ દર્દીઓએ લાભ લીધેલ. તમામ દર્દીઓને તપાસીને રૂા. ૨૨૫૮૯/-ની દવાઓ ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં ગોધરાના નિષ્ણાંત ડૉકટર સંજય પટેલએ સેવાઓ આપેલ.

૫) **શ્રીમતી મંજુલાબેન અને શ્રી જયંતીલાલ લલ્લુભાઈ ધારીઆ (હેડમાસ્તર) ઈ.એન.ટી.નિદાન કેમ્પ :** તા. ૩૧-૧૨-૧૪ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૨૮ દર્દીઓએ લાભ લીધેલ. આ કેમ્પમાં આણંદના નિષ્ણાંત ડૉકટર નીમેષ પંચાલે સેવાઓ આપેલ.

૬) **તરૂલતા મોદી (દેવ) ચેરીટેબલ ટ્રસ્ટ સર્વરોગ નિદાન કેમ્પઃ** તા. ૩૦-૧૨-૧૪ તથા ૩૧-૧૨-૧૪ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૮૪૮ દર્દીઓએ લાભ લીધેલ. તમામ દર્દીઓએ તપાસીને રૂા. ૫૭૩૪૮/-ની દવાઓ ફ્રી આપવામાં આવેલ.

**નોંધઃ ચ્યવનપ્રાશ બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળી લી. સીપીટેન્કમાં મળશે.**

**માનદ્ મંત્રીશ્રીઓ - શ્રી રાજેન્દ્ર દેસાઈ, શ્રી નીતીન પરીખ**

## શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

### દાતાશ્રીનો આભાર

પી.વી. વિદ્યાલયમાં બંધાયેલા લગભગ ૩૨૦૦ સ્કે.ફીટનાં પ્રાર્થના ખંડ માટે શ્રી પ્રકાશ મંગળદાસ ધારીઆ (માટલી)એ રૂા. ૧૫,૦૦,૦૦૦/- અંકે રૂા. પંદર લાખ પુરા આપવા માટે વચન આપ્યું છે.

આ પ્રાર્થના ખંડનું નામ **''મંગળદાસ સાંકરલાલ ધારીઆ (માટલી) પ્રાર્થના ખંડ''** આપવામાં આવ્યું છે.

મંડળ દાતાનો તથા દાતાનાં કુટુંબીજનોનો આભાર માને છે.

✣✣✣✣✣

શ્રી બાલાસિનોર કેળવણી મંડળ સંચાલિત શ્રી ઓચ્છવલાલ નાથજીભાઈ શેઠ હાઈસ્કૂલના સ્થાપનાનાં પચાસ વર્ષ (૧૯૬૪-૨૦૧૪) પૂર્ણ થવા નિમિત્તે તા. ૨૪-૨-૨૦૧૫ મંગળવારે સવારે ૯.૩૦ કલાકે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન સ્વ. મણીગૌરી ઓચ્છવલાલ શેઠ શૈક્ષણિક સંકુલમાં કરવામાં આવેલ છે.

આ પ્રસંગે આપશ્રીને મિત્ર મંડળ પરિવાર સહિત હાજર રહેવા અમારૂ ભાવભર્યું નિમંત્રણ છે. આ પ્રસંગે મુખ્ય મહેમાન શ્રી યશવંત પટેલ (જીલ્લા શિક્ષણાધિકારી, મહીસાગર જિલ્લો, લુણાવાડા) અતિથિ વિશેષ તરીકે શ્રી દિલીપભાઈ પરીખ (ભૂ.પૂ. મુખ્ય પ્રધાન ગુજરાત રાજ્ય) તથા શ્રી પ્રવીણભાઈ દરજી (નિવૃત પ્રોફેસર, લુણાવાડા) ઉપસ્થીત રહેશે.

**ચેરમેન : શાળા સમિતિ - શ્રી મણીકાંત કડકીઆ**

**પ્રમુખ - શ્રી પ્રવીણ દેસાઈ**

## પ્રકીર્ણ વિભાગ

### નવા સરનામા

**1. Maheshchandra R. Desai**
Block - A, Flat # 4 A & 48, 4th Floor,
344, Mahatma Gandhi Road,
Near Kabardanga Bazar,
Kolkatta - 104
Maheshchandra R. Desai
9830823212
Sandip M. Desai - 9830538770
Manish M. Desai - 9830545458

### શુભ લગ્ન

**સમીપ** સચીનકુમાર કડકીઆ (મરઘા)
**જયા** યોગેશકુમાર પટેલ

### તેજસ્વી તારલાં

**શૈવલ પ્રજ્ઞેશ કચેરીયા** ધો. ૧૨ ની સાયન્સ પરીક્ષામાં ૯૧.૨૩% માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે. સંસ્થાવતી તેઓને અભિનંદન.

### મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| પ્રવીણચંદ્ર હીરાલાલ ધારિયા (જાલીવાળા) | ૭૭ |
| દિનકર ચીમનલાલ ધારિયા | ૭૭ |
| રમતીબેન રસીકલાલ પરીખ | ૮૯ |
| આસીત નવનીતલાલ દેસાઈ (દેડકી) | ૫૭ |
| નિપૂર્ણાબેન નવિનચંદ્ર મોદી | ૬૬ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**